## સંક્ષિપ્ત સમાચાર

### ફખ્ર-એ-કૌમ બેટી સન્માન સમારોહમાં પ્રતિભાશાળી દીકરીઓનું સન્માન શિક્ષણ માટે યુવાનોને પ્રેરણા



**છોટાઉદેપુર :** છોટા ઉદેપુરના નટવરપુરા સ્થિત નિઝામી મહોલ્લા મેદાન ખાતે નૂર અલ-સબાહ પીસ ફાઉન્ડેશન, ગુજરાત દ્વારા ફખ્ર-એ-કૌમ બેટી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર દીકરીઓનું સન્માન કરી તેમની મહેનત અને સફળતાને બિરદાવવામાં આવી હતી. ખાસ કરીને પાયલટ શિફા શબ્બીર મફત, Dr. પરવેજા ઉર્ફ નાહિદા પઠાણ Ph.D તેમજ Dr. રુમાન ઇકબાલભાઈ મફતે Ph.D. ની ડિગ્રી મેળવી આ ત્રણેવ પ્રતિભાશાળી દીકરીઓને સન્માનિત કરવામાં આવી હતી. દીકરીઓની સફળતાને સમાજ માટે ગૌરવની બાબત ગણાવી અન્ય બાળકોને પણ મહેનત કરીને ઉચ્ચ શિક્ષણ મેળવવા અને પોતાના સપનાઓ સાકાર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારોહ દરમિયાન વક્તાઓ દ્વારા બાળકોના શિક્ષણને સમાજની પ્રગતિનો મુખ્ય આધાર ગણાવી માતા-પિતાને પોતાના બાળકોના અભ્યાસ માટે સતત પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી હતી. દીકરીઓને શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે આગળ વધવાની તક મળે તે માટે પણ પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

### જબુગામ કૃષિ યુનિવર્સિટીમાં પ્રો. અનિલ મેકવાનનો વય નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો




**બોડેલી :** જબુગામ કૃષિ યુનિવર્સિટી ખાતે આજે ભાવવિભોર વાતાવરણ વચ્ચે આનંદ અને લાગણીનો અનોખો સંગમ સર્જાયો હતો. કૃષિ યુનિવર્સિટીમાં લાંબા સમયથી સેવા આપનાર પ્રો. અનિલ મેકવાનની 36 વર્ષ, 9 મહિના અને 30 દિવસની દીર્ઘકાલીન સરકારી સેવા પૂર્ણ થતાં વય નિવૃત્તિ નિમિત્તે ભવ્ય વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, આમંત્રિત મહેમાનો ઉપરાંત પ્રો. અનિલ મેકવાનના પરિવારજનો અને મિત્રમંડળ ઉપસ્થિત રહ્યા હતા.વિદ્યાર્થીઓએ પ્રો. અનિલ મેકવાનની શિક્ષણ પદ્ધતિ, માર્ગદર્શન અને વિદ્યાર્થીઓ પ્રત્યેના સ્નેહની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તેમના જેવા શિક્ષકની ખોટ ક્યારેય પૂરી થઈ શકશે નહીં. જ્યારે સ્ટાફમિત્રોએ તેમની સાથે વિતાવેલા સમયની સુંદર યાદોને વાગોળી હતી. પ્રો. મેકવાનના સ્નેહીજનોએ તેમની નિવૃત્તિ અંગે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આશરે 37 વર્ષના લાંબા સેવાકાળ બાદ હવે તેઓ પોતાના પરિવારને વધુ સમય આપી શકશે. આ પ્રસંગે કૃષિ કોલેજના પ્રિન્સિપાલે પ્રો. અનિલ મેકવાનની વહીવટી કુશળતા, વિદ્યાર્થીઓ તથા ખેડૂતો પ્રત્યેનો અભિગમ અને ખાસ કરીને કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદારો સાથેના સૌહાર્દપૂર્ણ વ્યવહારની મુક્તકંઠે પ્રશંસા કરી તેમની સેવાઓ અને સિદ્ધિઓને બિરદાવી હતી.

### વાઘોડિયા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘની બહેનોએ ધારાસભ્યને રાખડી બાંધી



**વાઘોડિયા :** રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે આજે પાંચમે વાઘોડિયા તાલુકા પ્રાથમિક કુમાર શાળા ખાતે હોલમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી .વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા (બાપુ) ને 11 ફુટ લાબી રાખડી શિક્ષિકાના સમૂહે બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.આ પ્રસંગે વાઘોડિયા નગરપાલિકાના હોદ્દેદારો અને ભાજપ નગર પ્રમુખ જય જોષી સહિત તાલુકા શિક્ષણ સંઘના પ્રમુખ,કુમાર શાળા ના આચાર્ય ભારતસિંહ સોલંકી સહિત મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા.બહેનોએ ધારાસભ્ય ને રાખડી બાંધી અને તેમના દીર્ઘાયુષ્ય અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી હતી. ધારાસભ્યએ પણ તમામ શિક્ષક બહેનોને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી અને શિક્ષકોના હિત માટે હંમેશા સાથ આપવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે કેટલાક નિવૃત્ત શિક્ષક શિક્ષિકાઓની નિવૃત્તિનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

### પાદરા પોલીસ જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની અનોખી ઉજવણી




**પાદરા :** દેશની આંતરિક સુરક્ષાની જવાબદારી નિભાવતા પોલીસ જવાનોના લાંબા, સ્વસ્થ અને સુરક્ષિત જીવનની પ્રાર્થના સાથે પાદરામાં વિશ્વ હિન્દુ પરિષદ, માતૃશક્તિ અને દુર્ગાવાહિની દ્વારા રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. પાદરા પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓએ પોલીસ જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે પાદરા પોલીસ ઇન્સ્પેક્ટર પી.વી. ગોહિલને બહેનોએ રાખડી બાંધી દેશની રક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવાની ફરજ દરમિયાન તેઓ તથા સમગ્ર પોલીસ પરિવાર હંમેશા સુરક્ષિત રહે તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અન્ય પોલીસ જવાનોને પણ મહિલાઓ દ્વારા રાખડી બાંધી તેમના સુરક્ષિત અને લાંબા આયુષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. પોલીસ જવાનો પણ આ લાગણીસભર પ્રસંગે ભાવુક બન્યા હતા. કાર્યક્રમમાં પાદરા માતૃશક્તિના પ્રમુખ ઇન્દુબેન કાછિયા, કુસુમબેન ઘાડગે, માયાબેન પંડ્યા, કોઠીફળિયાના ભજન મંડળની બહેનો સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

---

BOB World એપમાં એરરના બહાના વચ્ચે ગ્રાહકોને એક ટેબલથી બીજા ટેબલે ધક્કા

# વાઘોડીયા બેંક ઓફ બરોડામાં ફિક્સ ડિપોઝિટ તોડવા ખાતાધારકને ધર્મના ધક્કા

**વર્ષો જૂના** ગ્રાહકો સાથેના સંબંધો બગડતા હોવાનો આક્ષેપ, ઉચ્ચ અધિકારીઓની તપાસની માંગ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.31

મહિલાઓ પોતાના ઘર ખર્ચમાંથી બચત કરી પોતાની મૂડી કરકસર કરી બેંકમાં જમા કરાવી બાદ માં ફિક્સ ડિપોઝિટ કરાવે છે. જેથી ઈમરજન્સી સમયે ઉપાડીને વાપરી શકે. વાઘોડિયા ખંધા રોડ પર આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં હાલ એકાદ મહિનાથી નવો સ્ટાફ આવ્યો છે. બેંકમાં આવતા ગ્રાહકોને સંતોષ કારક જવાબ અને બેંકની સર્વિસ બરોબર મળતી ના હોય અને ગ્રાહકોને એક ટેબલ થી બીજા ટેબલે ધક્કા ખવડાવી ઉદ્ધતાઈ ભર્યો જવાબ આપી અપમાનિત કરતા હોવાની લાગણી સાથે આક્રોશ જોવા મળ્યો છે. દ્રશ્યો પરથી એવું લાગેછે કે બેન્કને ગ્રાહકો ની જરૂર જ ના હોય. વાઘોડિયા નગરની જનતા આવા કર્મચારીઓ થી થાકી ગઈ છે. ફરિયાદ સંભાળવા બેંક મેનેજર પણ નવરા ના હોય, તેવી સ્થિતિ સર્જાઈ છે. ગ્રાહકોને બી ઓ બી વર્લ્ડ એપ પર એફડી કરાવ્યા બાદ જાણે પોતે કોઈ ગુન્હો કર્યો હોય તેવી લાગણી જોવા મળી રહી છે. લોકોને ત્રણ ત્રણ દિવસો ઉપરાંત થી ધક્કા ખાવાની નોબત આવે છે. જો કે ગ્રાહકને જરૂરિયાતના સમયે નાણા નહીં મળતા બેંકમાં છાશવારે ઊહાપોહ થતો જોવા મળી રહ્યો છે. વર્ષો જૂના ગ્રાહકો અને બેંકના સબંધો બગડી રહ્યા છે. તેવામાં ઉપલી શાખામાંથી ઉચ્ચ અધિકારીઓ તપાસ અર્થે આવે અને ખાતા ધારકો સાથે બેંકના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા વ્યવહાર અંગે તપાસ કરે તો કર્મચારીઓનો વ્યવહાર બાબતે દૂધનું દૂધ અને પાણીનું પાણી જોવા મળે તેમ છે.

પારુલ બેન ખાતા ધારક (વાઘોડિયા) મારે તાત્કાલિક રૂપિયાની જરૂર હોય FD તોડવા બેન્કમાં જતા મને ચારપાંચ દિવસથી ધક્કા ખવડાવ્યા હતા, જેના કારણે મારે છત્તા રૂપિયાએ બીજેથી લોન લેવાની જરૂર પડી, બેંક મેનેજર પણ સરખી રીતે જવાબ ના આપતા, મારે આખરે ઉગ્ર બનતા તાત્કાલિક આજે પાંચમાં દિવસે FD કેવી રીતે તોડી આપી..?

હાર્દિક પટેલ ખાતા ધારક (વાઘોડિયા) ઓન લાઈન FD તોડવા બેન્કમાં જઈએ તો એપ્લિકેશન આપી જાવ, પછી બીજા દિવસે વિચાર શું..! તેવો જવાબ આપે છે. અહીંથી નથી તૂટતી તેવા બાના બતાવે છે. પૈસા ની જરૂર હોય તો શું કરવાનું.. મેં બેંકની લાલીયાવાડી જોઈ મારી બંને FD તોડી.

# બહાદરપુર રેતીના સ્ટોકમાંથી તસ્કરોનો તરખાટ: ત્રણ ટ્રકમાંથી ડીઝલ ચોરી

**અગાઉ** બેટરી અને ડીઝલની ચોરી બાદ ફરી ચોરી, પોલીસ પેટ્રોલિંગ વધારવા માલિકની માંગ



(પ્રતિનિધિ) સંખેડા, તા. 31

સંખેડા તાલુકાના બહાદરપુર ગામે લોટીયા રોડ પર આવેલ રેતીના સ્ટોક યાર્ડમાં તસ્કરોનો તરખાટ સામે આવ્યો છે. અહીં પોતાની માલિકીની ચાર ગાડીઓ પાર્ક કરેલી હતી, જેમાંથી તસ્કરોએ ત્રણ ગાડીના ડીઝલ ટાંકીના લોક તોડી ડીઝલની ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ ઘટનાથી વાહન માલિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ જ સ્થળે આશરે બે મહિના પહેલા પણ ચોરીનો બનાવ બન્યો હતો. ત્યારે તસ્કરો ડીઝલની ચોરી કરવા ઉપરાંત મશીનમાંથી ચાર કિંમતી બેટરીઓ પણ ચોરી ગયા હતા. તે સમયે પણ પોલીસ મૌખિક ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

માલિકના જણાવ્યા મુજબ આજે સાંજના સમયે જ્યારે ડ્રાઈવરો ગાડી પાર્ક કરીને ગયા બાદ તસ્કરોએ તકનો લાભ લઈને ત્રણ ગાડીના ડીઝલ ટાંકીના લોક તોડી નાખ્યા હતા અને અંદાજે સેંકડો લિટર ડીઝલ ચોરી ગયા હતા. ડીઝલના ભાવ આસમાને હોય ત્યારે આ ચોરી માલિકને મોટું આર્થિક નુકસાન પહોંચાડે છે.

---

સિવિલ હોસ્પિટલમાં તબીબોની ગેરહાજરીથી દૂરથી આવતા દર્દીઓ પરેશાન

# છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની અનિયમિતતાથી દર્દીઓ બેહાલ

**નિયત સમયે** કેબિનમાં તબીબો હાજર ન રહેતા સારવાર માટે દર્દીઓને લાંબી રાહ જોવી પડે છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.31

છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ) ખાતે ડોક્ટરોની અનિયમિતતા અને તેના કારણે દર્દીઓને ભોગવવી પડતી હાલાકી છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની અનિયમિતતાથી દર્દીઓ બેહાલ: દૂર-દૂરથી આવતા ગરીબ દર્દીઓને કલાકો સુધી હાલાકી, જવાબદાર કોણ ?



અંતરિયાળ અને આદિવાસી વિસ્તાર ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાંથી એક ચિંતાજનક અને રોષ પેદા કરતા સમાચાર સામે આવ્યા છે. છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી ગણાતી જનરલ સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરો સમયસર હાજર ન રહેતા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. દૂર-દૂરના ગામડાઓમાંથી આશા સાથે ઈલાજ કરાવવા આવતા ગરીબ અને આદિવાસી દર્દીઓને કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. તબીબોની ગેરહાજરીને કારણે સારવાર વિના જ પાછા ફરવાનો વારો આવે છે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે, આરોગ્ય તંત્રની આ ઘોર બેદરકારી માટે આખરે જવાબદાર કોણ ?

આ દ્રશ્યો છે છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી જનરલ હોસ્પિટલના. જ્યાં દરરોજ ગામે-ગામથી સેંકડો દર્દીઓ પોતાની બીમારીનો ઈલાજ કરાવવા આવે છે. પરંતુ અહીં આવ્યા પછી તેમને ઈલાજ પહેલાં તો માત્ર અને માત્ર 'રાહ' જોવી પડે છે જ્યારે ડોક્ટર વહેલા આવતા નથી. સ્થાનિક દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓનો આક્ષેપ છે કે હોસ્પિટલમાં ડોક્ટરો નિયત સમયે કેબિનમાં હાજર રહેતા નથી.

### પાદરા કાશી વિશ્વનાથ મંદિરે શિવજીને ઈંગ્લિશ ફૂલોનો શણગાર



**પાદરા :** પાદરાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના ત્રીજા સોમવારે શિવજીને ઈંગ્લિશ ફૂલોનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આ શણગારના દાતા રેણુકાબેન ભટ્ટ, લાલભાઈ સરપંચ ગજેરાવાળા તેમજ પાદરાના દિનેશભાઈ કંચનભાઈ ગાંધી રહ્યા હતા. સમગ્ર આયોજનમાં ટ્રસ્ટી મનહરભાઈ પટેલ, ચંદુ મોટા અને ઘનશ્યામભાઈ ટોકીઝવાળાનો સહયોગ રહ્યો હતો. ફૂલોના મનમોહક શણગારમાં બિરાજમાન ભગવાન શિવના સુંદર દર્શન કરી મોટી સંખ્યામાં ભક્તોએ ધન્યતા અનુભવી હતી. પાદરા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે શ્રાવણના ત્રીજા સોમવારે ઈંગ્લિશ ફૂલોના શણગારમાં બિરાજમાન ભગવાન શિવ નજરે પડે છે.

---

### સોખડા રાઘુમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા, રૂ.૧૦,૨૬૦નો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) પાદરા, તા.31

પાદરા તાલુકાના સોખડા રાઘુ ગામે વડુ પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ રૂ.10,260નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, વડુ પોલીસને બાતમી મળતા પોલીસ સ્ટાફે સોખડા રાઘુ ગામની ભાગોળે આવેલા પાણીના અવેડા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળામાં જાહેર ખુલ્લી જગ્યાએ દરોડો પાડ્યો હતો. જ્યાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળીને બેસી પત્તા-પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા અને રમાડતા હોવાનું જણાયું હતું. પોલીસે સ્થળ પરથી નસરૂદિન, સીરાજભાઈ, સબ્બીરભાઈ, સોહીલભાઈ અને અનવરભાઈને ઝડપી પાડ્યા હતા.

બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો

# ડભોઈના મહુડી ભાગોળ વિસ્તારમાં એક જ સપ્તાહમાં ત્રણ બંધ મકાનના તાળા તૂટતા ફફડાટ

**વસાઈવાલા** જીન અને જનતાનગરમાં બનેલી ઘટનાઓથી રહીશોમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.31

ડભોઈ મહુડી ભાગોળ બહાર આવેલ વસાઈવાલા જીન સોસાયટી ના બે બંધ મકાન અને જનતાનગર સોસાયટી ના એક મકાન નું મળી એક જ સપ્તાહ માં ત્રણ મકાન ના તાળા તોડી ચોરી નો નિષ્ફળ પ્રયાસ થતા રહીશો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.જ્યારે ચોરી નો પ્રયાસ કરનાર તસ્કર કોઈ જાણભેદુ લોકલ હોવાનું અનુમાન



લગાવાઈ રહ્યું છે.

ડભોઈ ની મહુડી ભાગોળ બહાર આવેલ વસાઈવાલા જીન માં દિવાન પરિવાર ના બંધ મકાન નું તસ્કરે તાળું તોડી નકૂચો કાપી ચોરી નો પ્રયાસ કર્યો હતો. જ્યારે બીજા બનાવ માં શનિવાર ની રાત્રિ ના આજ સોસાયટી માં રહેતા ઈસ્માઈલભાઈ પહેલવાન ના બંધ ઘર માં તાળા તોડી,નકૂચો કાપી તસ્કરો એ પ્રવેશ કરી સામાન વેર વિખેર કરી નાખ્યો હતો.પરંતુ કઈ હાથ લાગ્યું ના હતું.જ્યારે શનિવાર ની રાત્રિ માં જ જનતાનગર માં રહેતા વકીલ સઈદભાઈ બેલીમ ના બંધ મકાન નું નકૂચો કાપી, તાળું તોડી અજાણ્યા તસ્કરો એ ઘર માં પ્રવેશ કર્યો હતો.પરંતુ કોઈ કારણસર અહીંથી પણ તસ્કરો ને ભાગવું પડ્યું હતું.આમ પાછલા એક સપ્તાહ માં જ મહુડી ભાગોળ વિસ્તાર માં આવેલી બે જુદીજુદી સોસાયટીઓના બંધ રહેલા ત્રણ મકાનો માં તસ્કરો ધ્વારા ચોરીનો નિષ્ફળ પ્રયાસ થતા રહીશો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.એ સાથે રાત્રિના પોલીસ પોઈન્ટ અને પેટ્રોલિંગ ની ઉઠવા પામી છે.

# છોટાઉદેપુરમાં ૫.૩૨ કરોડના ઓડિટોરિયમ હોલનું લોકાર્પણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 31

છોટાઉદેપુર ખાતે નગરપાલિકા વિસ્તારમાં એસ એફ હાઈસ્કૂલ પાસે આવેલ સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજના UDP 88 વર્ષ 2020- 2021 2021- 2022 અને 15માં નાણાં પંચની વર્ષ 2020-2021 અનટાઈડ ગ્રાન્ટ અંતર્ગત રૂ 5 કરોડ 32 લાખના ખર્ચે તૈયાર થયેલ ઓડિટોરિયમ હોલનું સાંસદ જસુભાઈ રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા અને જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના હસ્તે આજરોજ ઉદ્ઘાટન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નગરમાં બનેલો ઓડિટોરિયમ હોલ નગરમાં ખુબજ ઉપયોગી થઈ શકશે. અને આવનારા દિવસોમાં હંમેશા પ્રજાને દરેક કાર્યક્રમમાં ઉપયોગી થઈ પડશે. જે ઓડિટોરિયમ હોલ શરૂ કરવામાં આવ્યો. જેનાથી નગરમાં આનંદની



લાગણી ફેલાઈ છે. જ્યારે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદ અને ધારાસભ્ય પ્રાસંગિક અને પ્રેરણાદાઈ ઉદ્બોધન કર્યા હતા.

યોજાયેલ ઉદ્ઘાટન કાર્યક્રમના પૂર્વ રેલ રાજ્યમંત્રી નારણભાઈ રાઠવા. ઈન્ચાર્જ પાલિકા પ્રમુખ પરવેઝભાઈ મકરાણી, ચીફ ઓફિસર ભાવિનભાઈ બરજોડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ અલ્પાબેન શાહ, માજી પાલિકા પ્રમુખ મંજુલાબેન કોલી પાલિકાના ચૂંટાયેલા સભ્યોં નગરવિકાસ સમિતિના સભ્યો નગરમાં આગેવાન સૌરભભાઈ શાહ કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

# સાવલીમાં જુગારધામ પર દરોડો, ૧૧ ઝડપાયા



**રોકડ,** મોબાઇલ અને 3 મોટરસાઇકલ સહિત રૂ.2.65 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાદરવા પોલીસ ને બાતમી મળેલ કે કેટલાક ઈસમો નટવરનગર ગામની સીમમાં પત્તા-પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમી રમાડી રહ્યા છે તેના પગલે દરોડો પાડતા જુગાર રમતા ૧૧ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ રૂ.૨,૬૫,૦૧૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે નટવરનગર ગામની સીમમાં આવેલા ખેતરની ઓરડી બહાર લાઈટના અજવાળે જુગાર રમતા ઝડપાયેલ આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.૧૮,૬૧૦ રૂપિયા તથા દાવ પર મુકેલા રૂ.૫,૪૦૦ મળી કુલ રૂ.૨૪,૦૧૦ રોકડા, તેમજ ૯ નંગ મોબાઈલ ફોન કિંમત રૂ.૧,૧૧,૦૦૦ તથા ૩ નંગ મોટરસાયકલ કિંમત રૂ.૧,૩૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૬૫,૦૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલ આરોપીઓ ઈમરાનખાન, સાંજયકુમાર, સહદેવત્તસિંહ, નરેન્દ્રકુમાર, પીયુષકુમાર, જયરાજત્તસિંહ, સુરેશકુમાર, સરદારત્તસિંહ, સોહીલકુમાર, સુનીલકુમાર, ગોપાલત્તસિંહ ને ઝડપીને જુગાર ધારાની કલમ 12 હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# ડભોઇમાં ભેળસેળિયા માવા-મીઠાઈના વેચાણ સામે તંત્રની આંખે પાટા?

**મીઠાઈ-માવા** અને પનીરની ગુણવત્તા સામે સવાલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.31

ડભોઈ શહેરમાં તહેવારોના માહોલ વચ્ચે મીઠાઈના વેચાણને લઈને ભેળસેળની આશંકાએ લોકોમાં ચિંતા ફેલાઈ છે. રક્ષાબંધનના તહેવારને પગલે શહેરના બજારોમાં ઠેર-ઠેર મીઠાઈના સ્ટોલ ઉભા થાય હતા ત્યારે માવાના ઉત્પાદન અને મીઠાઈની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ કરવામાં આવી રહી છે કે કેમ તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.


સ્થાનિકોમાં ચર્ચા છે કે કેટલાક માવા ઉત્પાદકો દ્વારા રાત્રિના સમયે માવાનું ઉત્પાદન કરવામાં આવે છે. આવા માવાના નમૂના લઈ લેબોરેટરીમાં તપાસ કરવામાં આવે તો હકીકત બહાર આવી શકે તેમ છે. બીજી તરફ, ભેળસેળયુક્ત અથવા હલકી ગુણવત્તાની મીઠાઈના વેચાણ અંગે પણ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે.શહેરની વિવિધ હોટલોમાં પનીરની ગુણવત્તા અંગે પણ શંકાઓ વ્યક્ત થઈ રહી છે. ફોડ વિભાગ ડભોઈ પંથક ભૂલી ગયું હોય તેમ જણાઈ આવે છે.

સમગ્ર ગુજરાત ભર માં પનીર ના સેમ્પલ ની કામગીરી ચાલી રહી છે તેવામાં ડભોઈમાં ફૂડ વિભાગના અધિકારીઓ દ્વારા મીઠાઈના સેમ્પલ, માવા, પનીર સહિતના ખાદ્યપદાર્થોની નિયમિત ડભોઈ માં નથી ? ખાસ કરીને તહેવારો દરમિયાન હાઈવે પરની હોટલો, મીઠાઈની દુકાનો સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધરી શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવે તેવી માગ ઉઠી છે.

# ડભોઈના થુવાવીમાં જુગારધામ પર LCBનો દરોડો, ૮ જુગારીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.31

વડોદરા જિલ્લા એલ.સી.બી ગ્રામ્ય ખાનગી વાહન મા પેટ્રોલીંગ મા હતા જયાં ડભોઈ તાલુકાના થુવાવી બોરબાર રોડ પર ગૌચર ની જમીન મા કેટલાક શકુનિઓ બાવન બારી ના મહેલ મા મજા માણી રહ્યા હતા જેની બાતમી એલ. સી.બી. વડોદરા ગ્રામ્ય ને થતાં પંચો સાથે બનાવ ના સ્થળે દરોડા પાડતા કમલેશ મંગળ વસાવા રે.થુવાવી, વિનોદ ભાઈ શનાભાઈ પરમાર રે. થુવાવી, જાવેદ ભાઈ દાઉદભાઈ કડીવાલા રે.થુવાવી, મહીપાલ દેવેન્દ્ર સિંહ ચાવડા રે.થુવાવી, અરવિંદ નટવરલાલ રાઠોડીયા રે.તરસાલી વડોદરા, વિજય કંચન રાઠોડીયા રે. થુવાવી, યુસુફ મહંમદ મન્સૂરી રે. થુવાવી અને નિઝામ ઈસ્માઈલ મન્સૂરી રે થુવાવી



ને પતાપાના નો હારજીત નો જુગાર રમી રમાડતા અંગ ઝડતી ના ૫૨૬૦૦/- દાવ ઉપર ના ૧૦૭૩૦ /- મળી ૬૩૩૩૦ /- સાથે ઝડપી પાડી જુગારધારા ની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી આગળ ની તપાસ હાથ ધરી છે આ દરોડા મા અ મ સ ઈ ભૂપત ભાઈ વિરમ ભાઈ, અ.હે. કો પ્રવિણસિંહ રણવીર સિંહ, અ.હે.કો ખોડાભાઈ રાણભાઈ તથા અ.હે.કો મહેશકુમાર દિનેશ ભાઈ એ સફળ કામગીરી બજાવી ડભોઈ તાલુકા મા શ્રાવણીયા જુગાર પર નકેલ કસવાનો પ્રયાસ કરેલ છે.